સંદેશ

City Life Sunday, August 03, 2014

# ગમતું કામ કરશો તો ચોક્કસ સફળતા મળશે

અમદાવાદ : ૨ ઓગસ્ટ ૨૦૧૪
ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં થર્ડ કોન્વોકેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ આઇઆઇટી ગાંધીનગરની છઠ્ઠી બર્થ એનવર્સરી પણ સેલિબ્રેટ કરવામાં આવી હતી. કોન્વોકેશનમાં ૧૨૩ બી-ટેક, ૩૬ એમ-ટેક અને ૨ પીએચડી સ્ટુડન્ટ્સને ડિગ્રી આપવામાં આવી હતી. કોન્વોકેશનના ચીફ ગેસ્ટ તરીકે એલ એન્ડ ટીના મેનેજીંગ ડાયરેક્ટર કે. વેન્કેટરામન ઉપસ્થિત રહ્યાં હતા. આઇઆઇટી ગાંધીનગરના ડાયરેક્ટર ડો. સુધીર જૈન દ્વારા આવનારા સમયમાં સ્ટુડન્ટ્સ સામે કઈ ચેલેન્જિસ આવશે તેની વાત કરવામાં આવી હતી. સાથે જ આઇઆઇટી ગાંધીનગરના પ્રોફેસર્સ અને સ્ટુડન્ટ્સે વર્ષ દરમિયાન શું એચિવ કર્યું તેની માહિતી શેર કરી હતી.
આ કાર્યક્રમના ચીફ ગેસ્ટ કે. વેન્કેટરામને સ્ટુડન્ટ્સને જણાવ્યું હતું કે, તમે એ જ કામ કરો જેની માટે તમને પેશન હોય. જો તમે એ જ રીતે કામ કરશો તો આપોઆપ પૈસા કમાવી કમાશો. તમને ઇન્ટરેસ્ટ હશે તે કામ કરશો તો તેમાં તમે ધાર્યું પરિણામ મેળવી શકશો.
.

Sandesh - Leading Gujarati Daily